# હવે, જાહેર સ્થળે બોર્ડ ગુજરાતીમાં લખવાના રહેશે

**માતૃભાષાને બચાવવા સરકારનો આવકારદાયક નિર્ણય : મોલ, બેંક, રેસ્ટોરન્ટ, કાફે, મલ્ટિપ્લેક્સ, બેંક્વેટ અને બાગ-બગીચા સહિત તમામના બોર્ડ ગુજરાતીમાં લખવા પડશે.**

ગાંધીનગર, તા.૧૯

સોમવારે વિશ્વ માતૃભાષા દિવસ આવી રહ્યો છે જે અંતર્ગત ગુજરાતી ભાષાને બચાવવા સંદર્ભે સરકારે મહત્વનો નિર્ણય કર્યો છે. રાજ્યના રમત ગમત યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ વિભાગે ઠરાવ કર્યો છે જે અંતર્ગત "સરકારી સૂચના, માહિતી કે નામ-નિર્દેશ વાળા બોર્ડ ગુજરાતી ભાષામાં રાખવા પડશે. પ્રથમ તબક્કામાં આ નિર્ણય રાજ્યના આઠ મહાનગરોમાં લાગુ કરાશે જેમાં ગાંધીનગર સહિત અમદાવાદ, વડોદરા, સુરત, રાજકોટ, ભાવનગર, જામનગર અને જૂનાગઢનો સમાવેશ કરાયો છે.

તા.૨૧ ફેબ્રુઆરીએ વિશ્વભરમાં માતૃભાષા દિવસ ઉજવવામાં આવે છે. છેલ્લાં કેટલાંક વર્ષોથી રાજ્યમાં સતત વધી રહેલા અંગ્રેજી માધ્યમના પ્રભાવને કારણે ગુજરાતમાં માતૃભાષા ગુજરાતી ભાષા મૃતપાય: થઈ રહી હોવાનો બળાપો સાહિત્યકારોથી માંડીને અનેક સામાન્ય નાગરિકો દ્વારા પણ કાઢવામાં આવી રહ્યો છે. આ સમયે રાજ્યમાં ગુજરાતી ભાષાને વધુ પ્રાધાન્ય મળે જેથી માતૃભાષાનું સરંક્ષણ અને સંવર્ધન થાય તે હેતુથી ગુજરાત સરકાર દ્વારા આવકારદાયક નિર્ણય લેવામાં આવ્યો છે.

રમતગમત, યુવા અને સાંસ્કૃતિક વિભાગ દ્વારા આ અંગે ઠરાવ જાહેર કરવામાં આવ્યો છે. આ ઠરાવ અનુસાર રાજ્યની આઠ મનપાની તમામ સરકારી કચેરીઓ, પરિસરો અને સાર્વજનિક સ્થળોએ ગુજરાતીમાં લખાણ ફરજિયાત કરવામાં આવ્યું છે. જાહેર સ્થળ પરના બોર્ડ પછી તે સરકારી કંપની હોય કે હોટલ, સ્કૂલ અને મોલ હોય પણ તેના બોર્ડ ફરજિયાતપણે ગુજરાતીમાં લખવાના રહેશે. તદુપરાંત રાજ્યનાં તમામ સરકારી કાર્યાલયોમાં તેમજ જાહેર સ્થળો પરની સૂચના, જાણકારી અને દિશાનિર્દેશ પણ ગુજરાતીમાં જ લખવાનાં રહેશે.




ગુજરાત ઠાકોર અને કોળી વિકાસ નિગમ દ્વારા ઠાકોર અને કોળી જ્ઞાતિના સભ્યોને લોન-સહાય આપવાની વિવિધ યોજનાઓ ચાલે છે. નિગમનું બજેટ મર્યાદિત હોઈ પાત્ર હોય તેવા તમામ સભ્યોને લોન-સહાય આપી શકાતી નથી. આગામી બજેટમાં નિગમનું બજેટ વધે તે માટે ઠાકોર અને કોળી જ્ઞાતિના યુવાનોએ મુખ્યમંત્રીને આવેદનપત્ર આપ્યુ છે અને તે અંગેની રજૂઆત કરી છે.

# લેન્ડ ગ્રેબીંગ એક્ટના અમલીકરણમાં તંત્ર ભેદભાવભરી નીતિ અપનાવે છે : બળદેવજી

ગાંધીનગર, તા. ૧૯

ગાંધીનગર જિલ્લામાં લેન્ડ ગ્રેબીંગ એક્ટના અમલીકરણમાં તંત્ર નિષ્પક્ષતાથી નહિ વર્તાતુ હોવાનો આક્ષેપ કોંગીના ધારાસભ્ય બળદેવજી ઠાકોરે કર્યો હતો.

જિલ્લા ફરિયાદ નિવારણ અને સંકલન સમિતિમાં આ એક્ટના અમલીકરણમાં તંત્ર સામાન્ય માણસ સામે ત્વરિત કાર્યવાહી કરે છે પણ મોટા માથાઓ જેમાં સામેલ હોય તેના રિપોર્ટ માટે રાહ જોવાની નીતિ અપનાવાવમાં આવી રહી હોવાનું કહી તંત્રના ભેદભાવપૂર્ણ વ્યવહારનો આક્ષેપ કર્યો હતો.

જિલ્લાના માણસા અને દહેગામ તાલુકામાં તલાટીઓની નિમણુંકો થતી નથી અને બધાને ગાંધીનગર-કલોલમાં જ કેમ નિમણુંકો અપાય છે તેને લઈ પણ તેમણે વિરોધ કર્યો હતો. આ બે તાલુકાઓમાં જગ્યાઓ ન ભરાતા પંચાયતી રાજ વ્યવસ્થા ખોડંગાઈ ગઈ હોવાનું તેમણે કહ્યુ હતુ.



બળદેવજી ઠાકોરે આજની બેઠકમાં ગ્રામ્ય વિસ્તારમાં દબાણોના મુદ્દે તંત્રના ઉદાસીન અને ભેદભાવપૂર્ણ વ્યવહારને લઈ પણ નારાજગી વ્યક્ત કરી હતી. પ્રધાનમંત્રી સડક યોજના અને મુખ્યમંત્રી સડક યોજનામાં એક વર્ષ પહેલાં કામ છોડી ગયેલાઓ સામે કોઈ કાર્યવાહી થતી નથી. પ્રધાનમંત્રી સડક યોજનાના ૬૦ ટકાથી વધુ રસ્તાઓ તુટી ગયાનું પણ તેમણે જણાવ્યું હતું.

જિલ્લા સંકલન અને ફરિયાદ સમિતિની બેઠક બાદ ગુજરાત પ્રદૂષણ નિયંત્રણ બોર્ડ દ્વારા જિલ્લામાં પ્લાસ્ટિક પ્રતિબંધ અંગેનું વિસ્તૃત પ્રેઝેન્ટેશન જિલ્લા કલેકટરશ્રી અને અધિકારીશ્રીઓ સમક્ષ રજૂ કરવામાં આવ્યું હતું. ગાંધીનગર જિલ્લામાં રીસાયકલીંગ ન થઈ શકે તેવા પ્લાસ્ટિક પર પ્રતિબંધ લાદવાનું સુચારું આયોજન પર ચર્ચા કરવામાં આવી હતી. આ બેઠકમાં જિલ્લા કલેકટરશ્રી દ્વારા આગામી ટુંક સમયમાં યોજાનાર બેઠક પહેલા સંબંધિત અધિકારીશ્રીઓને પોતાના વિસ્તારમાં કયા પ્રકારની પ્લાસ્ટિકનું ઉત્પાદન કરતા કારખાના- કંપનીઓ છે. તેની યાદી તૈયાર કરવાનું સૂચન કર્યું હતું.

# રાજ્યમાં કોરોનાના નવા ૪૮૬ કેસ

**રાજ્યમાં કોરોનાના કેસોમાં ઘટાડો આવી રહ્યો છે : કોરોનાની રસીના કુલ ૧,૬૦,૦૯૪ ડોઝ અપાયા**

ગાંધીનગર, તા.૧૯

રાજ્યમાં કોરોનાના કેસોમાં ઘટાડો આવી રહ્યો છે. આજે રાજ્યમાં માત્ર ૪૮૬ કેસ નોંધાયા હતા. તો બીજી તરફ ૧૪૧૯ દર્દીઓ સાજા પણ થયા હતા. અત્યાર સુધીમાં કુલ ૧૨,૦૩,૫૦૮ દર્દીઓ કોરોનાને મ્હાત આપી ચુક્યાં છે. તો બીજી તરફ રસીકરણના મોરચે પણ સરકાર મજબુતીથી લડી રહી છે. આજે રાજ્યમાં કોરોનાની રસીના કુલ ૧,૬૦,૦૯૪ ડોઝ આપવામાં આવ્યા હતા.

બીજી તરફ જો એક્ટિવ કેસની વાત કરીએ તો રાજ્યમાં ૫૭૯૦ એક્ટિવ કેસ છે. જે પૈકી ૪૨ વેન્ટીલેટર પર છે. જ્યારે ૫૭૪૮ નાગરિકો સ્ટેબલ છે. ૧૨૦૩૫૦૮ નાગરિકો અત્યાર સુધીમાં ડીસ્ચાર્જ થઈ ચુક્યાં છે. ૧૦૮૮૭ નાગરિકોનાં અત્યાર સુધીમાં કોરોનાને કારણે મોત થઈ ચુક્યાં છે. આજે કોરોનાને કારણે કુલ ૧૩ નાગરિકોનાં મોત થયા છે. જેમાં અમદાવાદ કોર્પોરેશનમાં ૧, વડોદરા કોર્પોરેશનમાં ૪, વડોદરામાં ૧, મહેસાણામાં ૧, રાજકોટ કોર્પોરેશનમાં ૧, રાજકોટમાં ૧, ભરૂચમાં ૨ અને પંચમહાલના ૨ દર્દીઓનો સમાવેશ થાય છે.

બીજી તરફ રસીકરણના મોરચે પણ સરકાર મજબુતીથી લડી રહી છે. રાજ્યમાં હેલ્થકેર વર્કર અને ફ્રન્ટલાઈન વર્કર પૈકી ૨૦ ને રસીનો પ્રથમ જ્યારે ૨૪ ને બીજો ડોઝ અપાયો હતો. ૪૫ વર્ષથી વધારેની ઉંમરના ૨૧૮૭ ને પ્રથમ ૧૨૪૨૦ ને રસીનો બીજો ડોઝ અપાયો હતો.

૧૮-૪૫ વર્ષના નાગરિકો પૈકી ૧૧૦૭૬ ને પ્રથમ અને ૪૯૩૦૭ ને રસીનો બીજો ડોઝ અપાયો હતો. ૧૫-૧૮ વર્ષના તરૂણો પૈકી ૧૩૫૯૧ ને પ્રથમ અને ૫૨૮૩૫ ને રસીનો બીજો ડોઝ અપાઈ ચુક્યો છે અને ૧૮૬૩૪ ને પ્રિકોર્શન ડોઝ અપાયો હતો. આ પ્રકારે આજે કુલ ૧,૬૦,૦૯૪ ડોઝ આજના દિવસમાં અને અત્યાર સુધીમાં કુલ ૧૦,૨૦,૮૪,૪૦૩ રસીના ડોઝ અપાઈ ચુક્યાં છે.

ટચુકડી
જાહેર ખબર
દર ગુરુવારે-રવિવારે
ગાંધીનગર સમાચાર
ફોન : ૨૩૨૨૨૫૭૧

# હે રામ... ધર્માંતરણ છેક રાજ્યના પાટનગર સુધી પંહોચ્યું??

**ગાંધીનગરના સેક્ટર-૨૩ના ચર્ચમાં ધર્માંતરણ મામલે હોબાળો : ૪૦ જેટલાં આદિવાસી નાગરિકોને ખ્રિસ્તી ધર્મ અંગિકાર કરાવી લવાયાં હોવાની શંકા : બજરંગ દળે આવીને ઉગ્ર વિરોધ કરતાં કાર્યક્રમના આયોજકે કિર્તન-પ્રવાસ માટે લવાયાં હોવાનો લૂલો બચાવ કર્યો : પોલીસે મામલો થાળે પાડયો**

ગાંધીનગર, તા.૧૯

દેશભરમાં ધર્માંતરણની બદી દિવસેને દિવસે વધતી જઈ રહી છે જેમાં દલિત, ગરીબ અને આદિવાસી વગેરેને સોફ્ટ ટાર્ગેટ કરવામાં આવતા હોવાની રાવ અવારનવાર ઉઠતી રહે છે. આજે ગાંધીનગરના સેકટર-૨૩માં જાણીતા મેથોડિસ્ટ ચર્ચ ખાતે આશરે ૪૦ જેટલાં આદિવાસી નાગરિકોને ધર્માંતરણ માટે લવાયાં હોવાની માહિતી મળતાં ગાંધીનગરના બજરંગદળ કાર્યકરો સ્થળ પર પહોંચી ગયાં હતાં અને હકીકત જાણવા પ્રયાસ કરતાં હોબાળો મચી ગયો હતો. બીજી તરફ જેનો કાર્યક્રમ હતો તે ઈમ્પેક્ટ ચેરીટેબલ ટ્રસ્ટ તરફથી કરવામાં આવેલા ખુલાસામાં પહેલાં આ આદિવાસીઓને ભજન-કિર્તન માટે, અંધશ્રદ્ધા દૂર કરવા માટે અને પછી પ્રવાસ માટે લવાયા હોવાના વિસંગત ખુલાસા કરવામાં આવતા ધર્માંતરણની શંકા વધુ મજબૂત બની હતી. બજરંગ દળે પોલીસને આ ઘટનાની જાણ કરતાં પોલીસે સ્થળ પર આવીને ચર્ચનો કાર્યક્રમ અટકાવી આદિવાસીઓને પરત રવાના કરી હાલ પુરતો મામલો ઠંડો પાડ્યો હતો.



સમગ્ર ઘટનામાં અંગે ગાંધીનગર બજરંગ દળના પ્રમુખ શક્તિસિંહ ઝાલાના જણાવ્યાં અનુસાર તેમને કેટલાંક સ્થાનિક વસાહતીઓ દ્વારા માહિતી મળી હતી કે સેકટર-૨૩માં ચર્ચ ખાતે ૪૦ જેટલાં હિન્દુ આદિવાસીઓને ખ્રિસ્તિ ધર્મમાં પરિવર્તન કરવા લાવવામાં આવ્યા છે તેથી તેઓ અન્ય કાર્યકરો સાથે તુરંત ચર્ચ પંહોચ્યાં હતા અને તેમણે ચર્ચ બહાર ઉભેલા કેટલાંક આદીવાસીઓ સાથે વાત કરતાં તેઓ ગુજરાત-મહારાષ્ટ્રના સીમાવર્તી વિસ્તારના હિન્દુઓ હોવાનું જણાવ્યું હતું. આથી શક્તિસિંહ ઝાલા સહિતના બજરંગ દળ કાર્યકરોએ અંદર ચર્ચના હોલમાં ચાલી રહેલાં કાર્યક્રમમાં જઈને તપાસ કરતાં તેમને હિન્દુ દેવી-દેવતાઓ અંગે મજાકભરી વાતો કરવામાં આવી રહી હોવાનું જાણવા મળ્યું હતું. આથી બજરંગ દળના કાર્યકરોએ ઉગ્ર વિરોધ નોંધાવી હોબાળો મચાવવા સાથે સેકટર-૨૧ પોલીસ મથકને જાણ કરી હતી જેથી પોલીસની ટીમ તુરંત ઘટનાસ્થળે ધસી આવી હતી અને પત્રકારો પણ દોડી આવ્યાં હતા.

બીજી તરફ ઈમ્પેક્ટ ચેરીટેબલ ટ્રસ્ટના જોય ક્રિશ્ચિયને પત્રકારો સમક્ષ ખુલાસો કરતાં પહેલાં જણાવ્યું હતું કે "ચર્ચમાં કોઈ ધર્માંતરણ થતું નથી, આતો ભજન કિર્તનનો કાર્યક્રમ હતો" અને ત્યારબાદ જણાવ્યું કે આ આદિવાસીઓ નંદુરબાર સહિતના વિસ્તારમાંથી જેમણે મિશનરિઝ સાથે મળીને પ્રભુ ઈશુનો સ્વિકાર કર્યો છે તેમને અંહી પ્રવાસ માટે લવાયાં છે, આ એવા વંચિતો છે જેમણે ક્યારેય શહેર જોયું નથી. ટ્રસ્ટ તેમની સામાજિક, આર્થિક અને આરોગ્ય વિષયક જાગૃતિ માટે કામ કરે છે." સે.૨૩ ચર્ચના પાદરી મનોજભાઈએ જણાવ્યું હતું કે "આ સમગ્ર કાર્યક્રમ ઈમ્પેક્ટ ચેરીટેબલ ટ્રસ્ટનો હતો જેમને ચર્ચ દ્વારા હોલ વાપરવા આપવામાં આવ્યો હતો પરંતુ ચર્ચ દ્વારા ધર્માંતરણની .કોઈ પ્રવૃત્તિ કરવામાં આવતી નથી".

## ચિલોડા બિલ્ડીંગ મટીરીયલ્સના વેપારી સાથે ૪૦ હજારની છેતરપિંડી

ગાંધીનગર, તા.૧૯

ચિલોડા થી અમદાવાદ તરફ જતા માર્ગ પર બિલ્ડીંગ મટીરીયલ્સની દુકાન ધરાવતા વેપારી સાથે રૂ.૪૦ હજારની છેતરપિંડી થવા પામી છે.જયારે વેપારીએ આ મુદ્દે ચિલોડા પોલીસ મથકે અરજી આપી છે.

મળતી વિગત મુજબ ચિલોડા અમદાવાદ તરફના માર્ગ પર બિલ્ડીંગ મટીરીયલ્સની દુકાને સવારે ૧૦.૩૦ વાગ્યાના અરસામાં એક વ્યકિત નંબર વિનાનું એકસેસ લઈને આવ્યો હતો. જયારે તે ઠગ વ્યકિતે મોં પર માસ્ક પહેર્યું હતું. આ વ્યકતિએ દુકાન પર આવીને ૧૦ થેલી સિમેન્ટ અક્ષર બંગ્લોઝ ખાતે મોકલી આપવા માટે જણાવ્યું હતું. ત્યારબાદ વેપારી સાથે વાતચીત કરીને પોતાની પાસે ઘરે ૪૦ હજાર રૂપીયા છે. જેમાં ૨ હજારની ૨૦ નોટ છે. જેથી રૂ.૫૦૦ ના દરની ૮૦ નોટ આપવા જણાવ્યું હતું. ત્યારબાદ વેપારીએ રીક્ષામાં ૧૦ થેલી સિમેન્ટ તેમજ રીક્ષા ચાલક સાથે રૂ.૪૦ હજાર મોકલ્યા હતા. ત્યારે અક્ષર બંગ્લોઝના દરવાજા પાસે એકસેસ લઈને ઉભા રહેલા વ્યકિતએ રીક્ષા ઉભી રખાવી ચાલક પાસેથી વેપારીએ આપેલા રૂ.૪૦ હજાર લઈ લીધા હતા અને આગળ સિમેન્ટ ખાલી કરવા જણાવ્યું હતું. પરંતુ જે સરનામુ આપ્યું હતું તે વ્યકિતએ ઘરનું કંઈ કામ ચાલતુ નથી અને સિમેન્ટ પણ મંગાવ્યો ન હોવાનું જણાવ્યું હતું. જેથી રીક્ષા ચાલકે વેપારીને ફોન કરતા વેપારીને છેતરાયાનો અહેસાસ થયો હતો. વેપારીએ રીક્ષા ચાલકને સિમેન્ટ લઈને પરત આવી જવા જણાવ્યુ હતું. જયારે વેપારીએ ચિલોડા પોલીસ મથકે અરજી આપતા વધુ તપાસ હાથ ધરી છે.

# એસ.ટી. ડેપોમાં મહીલાના ગળામાંથી સોનાનો દોરો ખેચવાનો પ્રયાસ

**વિજાપુર જતી બસમાં બેસતી મહીલાના ગળામાંથી દોરો ખેંચવાના પ્રયાસ : ડેપો સંકુલમાં રોજબરોજ બનતા પીક પોકેટીંગના બનાવોથી મુસાફરોમાં પણ ભય : સે-૭ પોલીસે ગુન્હો નોંધી તપાસ હાથ ધરી**

ગાંધીનગર તા ૧૯

ગાંધીનગર અસે ટી ડેપો ચોર ઈસમો માટે મોકળુ મેદાન પુરવાર થયુ છે. એસ ટી ડેપોમાં રોજબરોજ મુસાફરોના ખિસ્સા કપાય છે. લગ્નસરાની સિઝિન દરમિયાન પાંચ થી સાત મુસાફરો પીક પોકેટીંગનો ભોગ બન્યા છે. આમછતા ડેપોમાં પોલીસ પહેરો જોવા મળતો નથી. આજે પણ ગાંધીનગરથી વિજાપુર જતી એક બસમાં બેસવા જતી મહીલાના ગળામાંથી સોનાના દોરો ખેંચવાનો પ્રયાસ કરાયો હતો આખરે આ હરકત કરનાર મહીલાને ઝડપી લેવામાં આવી હતી. આ મામલે સે-૭ પોલીસે ગુન્હો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

ગાંધીનગર એસ ટી ડેપોમાં ધોળા દિવસે મુસાફરો પીક પોકેટીંગ અને ચેઈન સ્નેચીંગનો ભોગ બની રહ્યા છે. હાલ લગ્નસરાની સિઝન ચાલી રહી છે. ત્યારે ડેપો સંકુલમાં જાણભેદુ ગઠીયાઓ એક્ટિવ થયા છે. જેમાં મહીલાઓ પણ સામેલ હોવાનુ મનાઈ રહ્યુ છે. એસ ટી બસમાં ચઢતા મુસાફરોના ખિસ્સામાંથી પાકીટ અને મોબાઈલની ઉઠાંતરી સિફતાઈપુર્વક કરી લેતા અનેક કિસ્સાઓ અત્યાર સુધી ધ્યાને આવ્યા છે. જેના લીધે ડેપો સંકુલમાં અવરજવર કરતા મુસાફરોમાં પણ ભયની લાગણી વ્યાપી છે. ગત દિવસોમાં પણ પીક પોકટીંગના પાંચથી સાત બનાવો બનતા ડેપો સંકુલમાં મુસાફરોમાં ફફડાટ વ્યાપ્યો છે. ડેપો સંકુલમાં છેલ્લા દોઢ દાયકાથી પોલીસ ચોકી કાર્યરત થાય તે માટે રજુઆત કરવામાં આવી રહી છે. પરંતુ જગ્યા ફાળવવા માટે ડેપો કક્ષાએથી નિર્ણય લઈ લેવાયા બાદ પણ જિલ્લા પોલીસ તંત્રની નિરસતાના લીધે ડેપોમાં હજુ સુધી પોલીસ પહેરો ગોઠવી શકાયો નથી એટલુ જ નહીં પરંતુ લગ્નસરાની સિઝન વેળાએ પણ ડેપોમાં પોલીસ પહેરાના અભાવ વચ્ચે રોજબરોજ મુસાફરોના ખિસ્સા કપાય છે. આજે પણ સવારે ગાંધીનગરથી વિજાપુર જતી એક બસમાં બેસતી મહીલાના ગળામાંથી મહીલાએ સોનાનો દોરો ખેંચવાનો પ્રયાસ કર્યો હતો જો કે આ મહીલા આખરે ઝડપાઈ જતા પોલીસ મથકે મામલો પહોંચ્યો હતો. પોલીસ સુત્રોના જણાંવ્યા મુજબ અમદાવાદમાં નવા વાડજ વિસ્તારમાં ગગન વિહારી એપાર્ટમેન્ટમાં રહેતા સરોજબેન દિનેશભાઈ પટેલ આજે સવારે ૧૦ વાગ્યની આસપાસ ગાંધીનગર ડેપોમાં પ્લેટ ફોર્મ નં -૬ પરથી ગાંધીનગરથી વિજાપુર જતી બસ નં જી જે ૧૮ જે - ૩૪૨૩ માં બેસવા જતા સોની આનંદ ચૌહાણ નામની મહીલાએ તેમના ગળામાંથી સવા તોલાના સોનાના દોરો ખેંચવાનો પ્રયાસ કર્યો હતો. પરંતુ આ મહીલા આ ચીલઝડપના પ્રયાસમાં ઝડપાઈ ગઈ હતી. આ મામલે સે-૭ પોલીસે ગુન્હો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.



બાળકોની વધતી ઉંમરમાં સાર-સંભાળની સાથોસાથ તેઓને શારીરિક રીતે સક્ષમ બનાવવા જરૂરી છે. સાહર્સપૂર્ણ રમતોની સાથોસાથ ફીઝીકલ એક્ટીવીટી બાળકોનો સર્વાંગી વિકાસ કરે છે અને તેમને મનથી અને તનથી મજબૂત બનાવે છે. ગાંધીનગરના એક બગીચામાં નાનકડી બાળાને તેની માતા શારીરિક રીતે સક્ષમ બનાવવા વિવિધ પ્રકારની એક્ટિવીટી કરાવી રહી છે. આ બાળકી ખૂબ જ ઉત્સાહથી આ પ્રવૃત્તિઓમાં ભાગ લઈ રહી છે.

**સંક્રમણ ઘટ્યું...** ● છેલ્લા પાનાનું ચાલુ

આજે નોંધાયેલા કેસમાં ૫ મહિલા દર્દી છે. ૪ દર્દીની ઉંમર ૬૦ કે તેથી વધુ છે. વયસ્કો અને મહિલાઓ સંક્રમિત થઈ રહી હોવાથી તંત્રની ચિંતા વધી છે. આજે નોંધાયેલા કેસોમાં રાયસણમાં ૨, સરગાસણમાં ૨, કુડાસણ, ઝુંડાલ, રાંદેસણમાં ૧-૧ કેસ તથા સે. ૧૬ અને સે. ૧ માં ૧-૧ કેસ નોંધાયેલ છે. જિલ્લા અને શહેરમાં મોટાભાગના દર્દીઓ હોમ આઈસોલેશનમાં હોવાથી હોમ આઈસોલેશનના નિયમોની અમલવારી અસરકારક રીતે થાય તે જોવા સૂચનાઓ તંત્રને આપવામાં આવી છે.

શહેરમાં ૧૫૦થી વધુ દર્દીઓ એક્ટીવ કેસ તરીકે સારવાર હેઠળ છે. શહેરમાં આજે ૭૨ દર્દીઓ રિકવર થતાં તેમને ડિસ્ચાર્જ આપવામાં આવેલ છે.

# સેકટર-૧૨ ખાતેથી પ્રોહીબિશનના ગુનામાં નાસતો ફરતો આરોપી ઝડપાયો

ગાંધીનગર, તા.૧૯

ગાંધીનગર શહેરના સેકટર-૧૨ ઉમિયા માતાજીના મંદિર નજીકથી સેકટર-૭ પોલીસ મથકે નોંધાયેલા પ્રોહીબિશનના ગુનામાં છેલ્લા ત્રણ માસથી નાસતા ફરતા આરોપી વિરેન્દ્રસિંહ ઉર્ફે મોન્ટુ પ્રવિણસિંહ વાઘેલા (રહે.ઈરાણા,તા.કડી, જી.મહેસાણા)ને એલસીબી પોલીસે પકડી પાડી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.



સુત્રો દ્વારા મળતી વિગત મુજબ એલસીબી પીએસઆઈ ડી.એસ.રાઓલ અને ટીમના સભ્યો નાસતા ફરતા આરોપીઓને પકડવાની દિશામાં કાર્યરત હતા તે સમયે પોલીસ કોન્સ્ટેબલ ગોવિંદભાઈ કનુભાઈ તેમજ મહિલા પોલીસ કોન્સ્ટેબલ કુસુમબેન કાનજીભાઈને સંયુકત બાતમી મળી હતી. જેને પગલે પોલીસે સેકટર-૧૨ ઉમિયા માતાજી મંદિર પાછળ ચોકડી પાસેથી સેકટર-૭ પોલીસ મથકે નોંધાયેલા પ્રોહીના ગુનામાં છેલ્લા ત્રણ માસથી નાસતા ફરતા આરોપી વિરેન્દ્રસિંહ ઉર્ફે મોન્ટુ પ્રવિણસિંહ વાઘેલાને પકડી પાડી સેકટર-૭ પોલીસ મથકે સોંપવામાં આવ્યા હતા.

**પેથાપુર - મહુડી માર્ગ...** ● છેલ્લા પાનાનું ચાલુ

ભાવિકોની અવરજવર પણ આ રૂટમાં વિશેષ જોવા મળે છે. જિલ્લામાં હાલ પ્રવાસન પથ ઉપરાંત અન્ય માર્ગોના રીસરફેસીંગના કામોને પણ મંજુરી આપવામાં આવી છે. ત્યારે વિવિધ ઠેકાણે માર્ગ સુધારણાની કામગીરી ચાલી રહી છે. આ ઉપરાંત શહેરમાં પણ વાઈબ્રન્ટ સમિટને અનુલક્ષી માર્ગ સુધારણાની કામગીરી હાથ ધરવામાં આવી હતી જે હજુ પણ બાકી છે આ કામગીરી પણ સરકારી પ્લાન્ટમાંથી કરવાનો નિર્ણય લેવાયો હતો જો કે સરકારી પ્લાન્ટની ક્ષમતા ન હોવાના લીધે માર્ગ સુધારણાની કામગીરી અને જરૂરિયાત મુજબ માલ સપ્લાય થતો નથી જેના લીધે માર્ગ સુધારણાના કામો પુર્ણ કરવામાં વધુ વિલંબ થાય તેવી સ્થિતિ છે.

**કુડાસણમાં માર્ગો...** ● છેલ્લા પાનાનું ચાલુ

કરવા માટે અને વરસાદી દિવસોમાં માર્ગોનુ ધોવાણ થતુ અટકાવવા માટે ગુડાએ હવે આવા વિસ્તારમાં આર સી સી કામ હાથ ધરવાનો નિર્ણય લીધો છે. કુડાસણ વિસ્તારમાં ઉબડ ખાબડ બનેલા માર્ગોની દશા સુધારવા માટે સ્થાનિકો કક્ષાએથી પણ લાંબા સમયથી માંગણી કરવામાં આવતી હતી. જેના અંતે ગુડા દ્વારા આ વિસ્તારમાં ગાબડા પુરવા માટે રૂ ૧.૮૭ કરોડના ખર્ચે આર સી સી માર્ગનુ કામ હાથ ધરવા માટે આયોજન કર્યુ છે. જેના અંતે હાલ ગાબડાગ્રસ્ત જોવા મળતા માર્ગોનુ યોગ્ય લેવલીંગ કરી રોડ નેટવર્કને ચકાચક બનાવાશે.